**–: <u>આંક–૦૫ લગત હુકમ</u> :–**

**(સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧ અને ૨ મુજબ કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવા માટેની અરજી)**

**૧.** વાદીની હાલની અરજી તથા તે સલંગ્ન રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી આધાર તથા દલીલો વંચાણે લીધી તથા આ સંબંધે પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ દાવા જવાબ તથા તેઓ દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી આધાર ધ્યાને લીધા.

**૨.** આ કામે વાદી દ્વારા દાખલ કરવામાં આવેલ હાલની અરજીની ટૂંકી હકિકત ધ્યાને લેવામાં આવે તો વાદી તથા પ્રા.વાદીઓની સયુંકત માલીકીની વડીલોપાર્જીત તથા વારસાઈ હકકે પ્રાપ્ત થયેલી છે તેવી તથા સહહીસ્સો સમાયેલો છે તેવી તથા વાદીના કબજે ભોગવટે આવેલી છે તેવી ખેતીની જમીનો કે જે મોજે ગામ સૈયદપુરા, તા. ઉમરેઠ, જી. આણંદમાં આવેલી છે તેની વિગતો નીચે મુજબ છે. રે.સ. નંબર ૬૮ / ૩ + ૪ / પૈકી ૨ / પૈકી જુની શરતની ક્ષે. હે. ૦.૩૧.૩૪ આકાર રૂા. ૩.૦૦ જેનો ખાતા નંબર ૧૭૨ (જેમાં પ્રા.વાદીઓના નામો સામેલ છે. ) જેના ચાર દીશાના ખુંટની વિગત જોતા પુર્વ રાજુભાઈ મણીભાઈ પટેલની જમીન છે, પશ્ચિમ ભીખાભાઈ રાવજીભાઈ પટેલની જમીન, ઉત્તરે પડતર જમીન આવેલ છે. દક્ષિણમાં રાજુભાઈ મણીભાઈ પટેલની જમીન તથા રે.સ. નંબર ૬૮ / ૩ + ૪ / પૈકી ૨ / પૈકી જુની શરતની ક્ષે. હે. ૦.૦૭.૦૯ આકાર રુા. ૦.૬૪ જેનો ખાતા નંબર ૪૭૯ ( જેમાં વાદીના નામ સામેલ છે) જેના ચાર દીશાના ખુંટ નીચે મુજબ છે. પુર્વે શૈલેષભાઈ ઉમેદભાઈ પટેલની જમીન, પશ્ચિમમાં રમેશભાઈ બેચરભાઈ પટેલની જમીન, ઉત્તરમાં પ્રા.વાદીઓની જમીન આવેલી છે અને દક્ષિણમાં નાળ આવેલી છે. રે.સ. નંબર ૮૦ / ૧ / પૈકી ૨ જુની શરતની ક્ષે. હે. ૦.૩૦.૮૫ આકાર રૂા. ૨.૭૨ જેનો ખાતા નંબર ૧૭૨ જેના ચાર દીશાના ખુંટ જોતા પૂર્વે ભગાભાઈ વાઘજીભાઈની

જમીન પશ્રિમમાં વિઠ્ઠલભાઈ અંબાલાલની જમીન ઉત્તરે ગોવિંદભાઈ ડાહ્યાભાઈની જમીન, દક્ષિણમાં દીનેશભાઈ પરભુભાઈ ની જમીન આવેલ છે. રે.સ. નંબર ૨૦૫/ ૧ + ૨ / પૈકી ૨ જુની શરતની ક્ષે. હે. ૦.૫૧.૬૦ આકાર રૂા. ૪.૫૬ જેનો ખાતા નંબર ૧૭૨ જેના ચાર દીશાના ખુંટ જોતા પુર્વમાં ધુળાભાઈ દામાભાઈ ની જમીન આવેલ છે. પશ્રિમમાં નરસિંહભાઈ રેવાભાઈની જમીન,ઉત્તરમાં ભીખાભાઈ રાવજીભાઈ ની જમીન અને દક્ષિણમાં ગજાભાઈ ગંભીરભાઈની જમીન. આમ ઉપર મુજબની ખેતીની જમીન આવેલી છે અને તેના જે ચાર દીશાના ખુંટ બતાવેલ છે, તે તમામે તમામ જમીનોનો કબજો ભોગવટો અને ખેત ખાતર તથા તેમા ઉપજ નીપજ કોઈના કોઈપણ જાતના ધાક ધમકી કે, દાબ દબાણ વગર કે, રોક ટોક વગર વાદીઓ લેતા આવેલા છે અને તે રીતે સદર જમીનોનો કબજો ભોગવટો અને તેનો વાપર ઉપયોગ અને ઉપભોગ પણ વાદીઓ કરતા આવેલા છે અને સદર જમીનમાં વાદીના માણસોને રહેવા માટે તથા વાદીને આરામ કરવા માટેની છાપરી બનાવેલી છે અને આ જે જમીનો આવેલી છે તેમા વાદીએ મકાઈ, રાજગરો અને ભીડાનુ વાવેતર કરેલ છે અને દરેક સીઝન મુજબ અલગ અલગ પાકો કરતા આવેલા છે. આમ, આ કામના પ્રા.વાદીઓ બધા ગુજરાત ખાતે રહેતા નથી અને તે પૈકી પ્રા.વાદી નંબર ૧ અને ૪ નાઓ જ કલકત્તા ખાતે રહે છે અને તે પૈકી પણ પ્રા.વાદી નંબર ૧ નાઓ સીનીયર સીટીઝન છે અને તેઓ વયો વૃધ્ધ વ્યકિતના છે અને તેઓ વિધવા સ્ત્રી બાઈ છે. આમ, આ કામના પ્રા.વાદી નંબર ૧ અને ૪ નાઓ વાદીને મળેલ પ્રાપ્ત માહીતી મુજબ "સદર દાવામાં જે જમીનો બતાવેલી છે તે તમામ જમીનોની માલીકી અમારી છે અને અમો આ જમીન અન્ય ઈસમોને અલગ અલગ રીતે કે એકી સાથે વેચાણ કરી દેવાના છીએ" તેવી વાતો કરી રહ્યા હોઈ જેથી તેના કારણે કેટલાક અજાણ્યા ઈસમો વાદીના કબજા ભોગવટા અને વાપર ઉપયોગ અને ઉપભોગ વાળી જે જમીનો આવેલી છે તે જમીનો જોવા માટે આવી રહ્યા છે અને વાદી તથા વાદીના જે ખેતરમાં માણસો છે તેઓ વાદીની દીકરી વકીલાતનો વ્યવસાય કરી રહ્યા છીએ તેઓના ધંધાના સ્થળે પણ આવીને વાદીના કબજા

ભોગવટાવાળી જમીન વેચાણ રાખવા માટેના કેટલાક દલાલો તથા ગ્રાહકો આવે છે અને જમીન વેચાણ કરવાની છે, તેવુ કહી રહયા હોઈ જેથી વાદીની દીકરી તેવા વ્યકિતઓને જણાવે છે કે, અમારે અમારા કબજા ભોગવટાવાળી જમીન વેચાણ કરવાની નથી અને તેનો કબજો અમારો છે " તેમ જણાવી રહયા છે અને આમ આ કામના પ્રા.વાદીઓનો સદર જમીન પરત્વેનો કાયદેસરનો કોઈ જ કબજો નથી માત્ર ને માત્ર સદર જમીનોના રેવન્યુ રેકર્ડ પૈકી કેટલીક જમીનોમાં પ્રા.વાદીઓના નામો ચાલતા હોઈ જેથી તેના આધારે લોકો આગળ ખોટી અફવાઓ ફેલાવી રહયા છે અને જમીન વેચાણ કરવાની છે તેવી ખોટી જાહેરાતો કરી રહયા છે. આમ, આ જે જમીનો છે તે વારસાઈ હકકે અને વડીલોપાર્જીત જમીનો છે અને તેનો કબજો ભોગવટો વાદીનો સમાયેલો છે અને જે જે જમીનોમાં વાદીના નામ નથી તે નામ કાયદેસર રીતે દાખલ કરાવવા માટેની અલગથી કાર્યવાહી કરવાના છે. આ કામના પ્રા.વાદીઓએ તેમની વગના કારણે વાદીના નામ દાખલ કરાવેલા નથી અને તેનો તકનો લાભ લઈને જમીનો વેચાણ કરી દેવા માટેની તજવીજ તૈયારીઓ કરી રહયા છે. આમ, આ કામના પ્રા.વાદી નંબર ૧ અને ૪ નાઓ ખોટી વાતો જમીન વેચાણ કરવાની કરી રહ્યા હોઈ જેથી તેઓએ બે દીવસ ઉપર રુબરુ મળવા માટે ગયેલા અને વાતચીત કરેલ તો પ્રા.વાદી નંબર ૧ અને ૪ નાઓએ વાદીને મૌખિક જણાવેલ કે " ભલે તમારો કબજો હોય અને તમો ખેડતા હોય અને તેની ઉપજ નીપજ તમો લેતા હોય તેમ છતા પણ અમો આ જમીનો વેચાણ કરી દેવાના છીએ અને તમારાથી થાય તે કરી લેજો " તેવી ધમકી અને તેવા વાચા ઉચ્ચારેલ હોઈ, જે અંગે વાદીએ જે દાવો દાખલ કરેલ છે તેને ચાલતા ધણો લાબો સમય જાય તેમ છે અને જો તેટલો સમય રાહ જોવામાં આવે તો આ કામના પ્રા.વાદી નંબર ૧ અને ૪ નાઓ જુથબળના જોરેતેમજ કાયદો હાથમાં લઈને સદર દાવાવાળી જમીનો વાદીની જાણ બહાર વાદીનુ જે જમીનોમાં નામ છે તે તથા જે જમીનોમાં નામ નથી પરંતુ કબજો ભોગવટો અને ખેડ ખાતર તથા ઉપજ નીપજ વાદી લેતા આવેલા છે, તે જમીનનું વેચાણ કરી દે, તો વાદીના કાયદેસરના કબજાના જે હકકો છે તે તથા તેમા

વાદીના કાયદેસરનો હકક, હીત હીસ્સો લાગ ભાગ છે તે છીનવાઈ જાય તેમ છે અને જો તેમ થાય તો વાદીને નાણાથી ના વળી શકે તેવુ પારાવાર અને ગંભીર પ્રકારનુ નુકશાન થાય તેમ છે અને તે રીતે જોતા પણ આ કામના પ્રા.વાદીઓને તેમ કરવાનો કોઈ જ હક અધિકારી નથી અને તેથી પણ વાદીનો પ્રથમદર્શનીય કેસ છે અને તે રીતે જોતા પણ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં હોય સદર કામે કામ ચલાઉ મનાઇ હુકમ આપવા હાલની અરજ કરેલ છે.

૩. ઉપરોકત હકીકતને આધારે વાદી દ્વારા દિવાની કાર્યરીતિ સંહિતાના હુકમ–૩૯ નિયમ–૧ અને ૨ અનવ્યે અરજી કરી વાદીનો પ્રથમદર્શનીય કેસ છે, તેવા વાદીને સવલતતા મળે તેવા સારા સંજોગો છે અને સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે. જે સંજોગોમાં વાદીએ પ્રતિવાદીઓ વિરુદ્ધ દાવાના આખરી નિકાલ સુધી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે.

૪. આ કામે આંક–૨૩ થી પ્રતિવાદીઓ દ્વારા જવાબ રજૂ રાખવામાં આવેલ છે. તેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, વાદીની દાવા અરજી માં લખેલી તમામ હકીકતો ખરી નથી. સદર કામે વાદીનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી, બેલન્સ ઓફ કન્વીન્યન્સ પણ વાદીની ફેવરમાં નથી, ઈરરીવેરેબલ લોસ પણ વાદીને જાય તેમ નથી, વાદીએ ખોટી વિગતો લઈને નામદાર કોર્ટમાં ખોટો દાવો કરીને તેમાં ખોટી રીતે મનાઈ હુકમ મેળવવાની અરજી કરેલ છે તે રદ્દ થવાને પાત્ર છે. સદર કામે દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નં. ૧ થી ૫ ને ગુજ. ઉપેન્દ્રભાઈ મોહનભાઈ તથા ગુજ.ગીરીશભાઈ મોહનભાઈ કે, જે પ્રતિવાદીના પિતા થાય છે તેમના તરફથી વારસાઈ હકકે મળેલ છે, જેની વારસાઈની નોંધ ફેરફાર નોંધ નં. ૧૨૫૫, તથા નોંધ નં. ૧૨૬૩ થી પડેલ છે, તે પહેલા સદર જમીન પ્રતિવાદીના ગુજ. પિતા ઉપેન્દ્રભાઈ મોહનભાઈ તથા ગુજ. ગીરીશભાઈ મોહનભાઈ સંયુક્ત ખેડતા આવેલા હતા. સદર કામે વાદવાળી જમીનો તથા સૈયદપુરાના સર્વે નં. ૬ પૈકી, ૧૦૦/૨, ૨૨૭/૨, ૬૮/૩+૪, ૨૧૮/૧+૩, ૧૦૬ પૈકી, ૫૯/૨, ૯૫/૩,

૮૩/પૈકી, ૨૨૭/૧, ૮૦/૧ પૈકી, ૨૦૫/૧-૨, એમ કુલ ૧૨ સર્વે નંબરોના મુળ માલિકો ગુજ.બેચરભાઈ મોતીભાઈ, તથા ગુજ.ગોરધનભાઈ મોતીભાઈ તથા ગુજ.મોહનભાઈ મોતીભાઈની આવેલી હતી, તેઓ વચ્ચે ઘરમેળે મિલ્કતનું અરસપરસ એરેજમેન્ટ તથા સેટેલમેન્ટ (વહેચણ) થયેલું. તે વહેચણની નોંધ રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૪૭૬ થી તા.૨૧-૦૭-૧૯૮૪ ના રોજ વહેચણની નોંધ પડેલી, જે વહેચણ નોંધ મુજબ, ગુજ. બેચરભાઈ મોતીભાઈને સર્વે નં. ૬ પૈકી, ૧૦૦/૨, ૨૨૭/૨, ૬૮/૩.૪ પૈકી ક્ષે.હે.૦-૦૭-૦૯, ૨૧૮/૧-૩, વાળી જમીનો જેનો ખાતા નં. ૧૭૧ ના ભાગે આવેલી. તે રીતે ગુજ.ગોરધનભાઈ મોતીભાઈના ભાગે સર્વે નં. ૧૦૬ પૈકી, ૫૯/૨, ૯૫/૩, ૬૮/૩.૪ પૈકી ક્ષે.હે.૦-૦૭-૦૯, ૮૩/પૈકી, વાળી જમીનો જેનો ખાતા નં. ૪૭૯ થી ભાગે આવેલ છે. જેમાં આ કામના વાદી ગુજ. ગોરધનભાઈ મોતીભાઈ પટેલના વારસ છે. ગુજ. મોહનભાઈ મોતીભાઈના વારસો એટલે કે, પ્રતિવાદીને સર્વે નં. ૨૨૭/૧, ૮૦/૧ પૈકી, ૬૮/૩.૪ પૈકી ક્ષે.હે.૦-૩૧-૩૪, તથા ૨૦૫/૧-૨, ૨૧૮/૧+૩, વાળી જમીનો જેનો ખાતા નં.૧૭૨ પ્રતિવાદી એટલે કે ગુજ. મોહનભાઈ મોતીભાઈના પુત્રોના ભાગે આવેલ છે. આમ સદર કામે આ કામના વાદી અને પ્રતિવાદીઓના ગુજ. પિતા વચ્ચે તા.૨૧-૦૭-૧૯૮૪ ના રોજ તમામ મિલ્કતનું વહેચણ થઈ ગયેલ છે અને વહેચણી થયા બાદ વાદીના પિતાના ભાગે આવેલ જમીનોનો રેવન્યુ રેકર્ડમાં ખાતા નં. ૪૭૯ અને પ્રતિવાદીના ગુજ. પિતાઓને ભાગે આવેલ જમીનોમાં ખાતા નં. ૧૭૨ આવેલ છે. એટલે કે, તા.૨૧-૦૭-૧૯૮૪ પછી સદરહુ જમીનોની સરસનરસ વહેચણી થઈ ગયેલ છે અને વહેચણી થયા બાદ જે તે ઈસમને હિસ્સો મળી ગયેલ છે, ત્યારથી સદરહુ જમીનોના હિસ્સા અલગ થઈ ગયા બાદ વાદીનો પ્રતિવાદીની જમીનમાં કોઈ લાગભાગ હિસ્સો આવેલો નથી, જે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૪૭૬ થી નોંધ પડેલી છે અને નોંધ પ્રમાણિત થયેલી છે. સદર કામે વાદવાળી જમીનો દર્શાવેલ છે તે પ્રતિવાદીની માલિકી કબજા ભોગવટાની આવેલી છે અને તે જમીનો પ્રતિવાદીના ગુજ. પિતાને વહેચણ આધારે મળેલ છે જે હકીકત આ

કામના વાદી ખુબ જ સારી રીતે માહીતગાર હોવા છતા નામદાર કોર્ટમાં તે અંગેની હકીકત છુપાવેલ છે અને તે જાણીબુજીને છુપાવેલ છે અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાના હેતુસર આ સત્ય હકીકત છુપાવેલ છે. વાદવાળી જમીનો તા.૨૧–૦૭–૧૯૮૪ પછી વાદી અને પ્રતિવાદી વચ્ચે કદાપી સંયુક્ત રહેલ નથી વાદીએ પોતાનો હિસ્સો તા.૨૧–૦૭–૧૯૮૪ ના રોજ મેળવી લીધેલ છે, તેમ છતા ખોટી રીતે પ્રતિવાદીની જમીનમાં ખોટા હકક કરવા માટે નામદાર કોર્ટમાં ખોટા કથનો કરી પ્રતિવાદી સામે ખોટો દાવો કરેલ છે. રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૪૭૬ વાળી નોંધ જે વહેચણની નોંધ છે. જે તા. ૨૧–૦૭–૧૯૮૪ માં પડેલી છે, તે નોંધ વાદીએ કદાપી ચેલેન્જ કરેલ નથી તે આધારે વાદીએ પોતાના હિસ્સે મળેલી જમીન મેળવેલી છે, વાદીએ પોતે કુટ્સ ચાખેલા છે, તેમ છતા નામદાર કોર્ટ સમક્ષ તા.૨૧–૦૭–૧૯૮૪ પછી આજદીન સુધી વહેચણ ચેલેન્જ કર્યો સિવાય સદર કામે વાદીએ ખોટો અને ઉપજાવી કાઢેલ દાવો કરેલ છે, જે સમયમર્યાદા બહારનો છે. સદર કામે જો વહેચણીનો પ્રશ્ન હોય તો વાદીએ ગુજ. બેચરભાઈ મોતીભાઈના તમામ વારસોનો પક્ષકાર તરીકે જોડવા જોઈએ તેમ છતા વાદીએ ગુજ.બેચરભાઈ મોતીભાઈના વારસોને પક્ષકાર તરીકે જોડેલ નથી જેથી પણ વાદીના દાવાને પક્ષકારનો બાધ નડે છે, જેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. સદર કામે સર્વે નં. ૬૮/૩.૪ પૈકી, ક્ષે.હે.૦–૩૧–૩૪ વાળી જમીન પ્રતિવાદીએ તા.૦૪–૦૧–૨૦૨૫ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી અશોકભાઈ હરમાનભાઈ પટેલને વેચાણ કરેલ છે, જે વેચાણ દસ્તાવેજ કાયદેસરનો છે વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ રાખનારનો કબજો ભોગવટો આવેલ છે. તે જ રીતે સર્વે નં. ૮૦/૧/પૈકી/૨ ક્ષે.હે.૦–૩૦–૮૫ વાળી જમીન પ્રતિવાદીએ તા.૦૪–૦૧–૨૦૨૫ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી દિનેશભાઈ પ્રભુદાસ પટેલને વેચાણ કરેલ છે, જે વેચાણ દસ્તાવેજ કાયદેસરનો છે વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ રાખનારનો કબજો ભોગવટો આવેલ છે. તે જ રીતે સર્વે નં. ૨૦૫/૧+૨ પૈકી ક્ષે.હે.૦–૫૧–૬૦ વાળી જમીન અમો પ્રતિવાદીએ તા.૦૪–૦૧–૨૦૨૫ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી

અશોકભાઈ હરમાનભાઈ પટેલને વેચાણ કરેલ છે જે વેચાણ દસ્તાવેજ કાયદેસરનો છે વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ રાખનારનો કબજો ભોગવટો આવેલ છે. સદર કામે આ કામના વાદી દ્વારા પ્રતિવાદી સામે ખોટો અને ઉપજાવી કાઢેલ અજમાયશી દાવો કરેલ હોય અને ખોટા ખર્ચમાં ઉતારેલ હોય જેથી પ્રતિવાદીને વાદી પાસેથી સ્પેશીયલ કોમ્પેન્સેટીવ કોસ્ટ રૂા.૧,૫૦,૦૦૦/- અપાવવા ન્યાયના હિતમાં હુકમ કરવા અને મનાઇ હુકમ રદ્દ કરવા અરજ કરેલ છે.

**૫.** સદરહુ અરજીમાં માંગવામાં આવેલ દાદ અનવ્યે મારા માટે ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ હોવાનું પુરવાર કરી શકે છે ?

૨. શું વાદી સાબિત કરે છે કે, સમતુલાનું પલડું તેની તરફેણમાં છે ?

૩. શું વાદી માંગ્યા મુજબની કામ ચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણામાં ભરપાઇ ન થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે?

૪. શું હુકમ?

**૫.૧** ઉપરોક્ત મુદ્દાઓ બાબતે મારી નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**૬.** આ કામે વાદી દ્વારા હાલની અરજીમાં માંગ્યા મુજબના દાદ મેળવવા ઉપરોકત ત્રણ મુદ્દાઓ તેઓની તરફેણમાં હોવાની હકીકત પુરવાર કરવાની રહે

છે અને તે સંદર્ભે આ કામના વાદી દ્વારા હાલની અરજીની હકિકતોને આધારે જે દાદ માંગવામાં આવેલ છે, તે ધ્યાને લેવામાં આવે તો વાદી દ્વારા એવી દાદ માંગવામાં આવેલ છે કે, દાવાવાળી મિલકત તેમના માલિકી હક્કની આવેલી છે અને તે પુરવાર કરવા માટે નિશાની–૩/૧ થી ૩/૫ અને ૧૦/૧ થી ૧૦/૩ સુધી દસ્તાવેજ રજૂ રાખવામાં આવેલ છે. તેના આધારે વાદીની મનાઇ હુકમની અરજી મંજુર કરવા અરજ કરેલ છે. વધુમાં પ્રતિવાદી દ્વારા નિશાની–૧૭/૧ થી ૧૭/૪ થી દસ્તાવેજ રજૂ રાખવામાં આવેલ છે. તેના આધારે વાદીની દાવા અરજી અને મનાઇ અરજી ટકવાપાત્ર નથી. તે ખર્ચ સહિત રદ્દ કરવા અરજ કરેલ છે.

હાલના કામે રજૂ લેખિત દલીલ તથા પ્રતિવાદીની મોખિક દલીલો અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો હાલના કામે નિશાની–૩/૧ થી ગામ નમુના નં.૭ રજૂ રાખવામાં આવેલ છે. તે સર્વે નં.૬૮/૩+૪/ પૈકી ૨/પૈકીનો છે. તેમાં ખાતા નં.૧૭૨ માં આ કામના પ્રતિવાદીના નામ છે અને ખાતા નં.૪૭૯માં આ કામના વાદીનું નામ છે. નિશાની ૩/૨ થી ગામનમુના નં.૭ રજૂ રાખવામાં આવેલ છે. તે સર્વે નં.૬૮/૩+૪/ પૈકી ૨/પૈકીનો છે. તેમાં પણ આ કામના વાદી અને પ્રતિવાદીના નામ છે. નિશાની–૩/૩ થી ગામ નમુના નં.૭ રજૂ રાખવામાં આવેલ છે. તે સર્વે નં.૮૦/૧/પૈકી ૨ નો છે. તેમાં આ કામના પ્રતિવાદીના નામ છે. નિશાની–૩/૪ થી ગામ નમુના નં.૭ રજૂ રાખવામાં આવેલ છે. તે સર્વે નં.૨૦૫/૧+૨/પૈકી ૨ છે. તેમાં ખાતા નંબર.૧૭૨ માં આ કામના પ્રતિવાદીના નામ છે. હાલના કામે પ્રતિવાદી દ્વારા રજૂ થયેલ દસ્તાવેજ જોતા નિશાની ૧૦/૧ થી ફેરફાર નોંધ ૨૪૯૮ રજૂ રાખવામાં આવેલ છે. જે ફેરફાર નોંધ પ્રતિવાદી દ્વારા વેચાણ કરેલ જમીન સર્વે નં.૬૮/૩+૪/ પૈકી ૨/પૈકી ની છે. નિશાની ૧૦/૨ થી ફેરફાર નોંધ નં.૨૫૦૧ રજૂ રાખવામાં આવેલ છે. સર્વે નં.૮૦/૧/પૈકી ૨ પ્રતિવાદી દ્વારા વેચાણ અપાયેલાની છે. વધુમાં નિશાની ૧૦/૩ થી ફેરફાર નોંધ નં.૨૫૦૨ રજૂ રાખવામાં આવેલ છે. તે

સર્વે નં.૨૦૫/૧+૨/પૈકી ૨ પ્રતિવાદી દ્વારા વેંચાણ અપાયેલાની છે. વધુમાં વાદી દ્વારા આંક–૨૭ થી મહેસુલ ભરેલ પહોંચ, સાગંદનામા અને નાયબ કલેકટર દ્વારા કરાયેલા હુકમો રજૂ રાખેલ છે. વધુમાં વાદી દ્વારા આંક–૧૩ થી વેચાણ દસ્તાવેજ રજૂ રાખવામાં આવેલ છે. વાદી દ્વારા ઉપરોકત રજૂ દસ્તાવેજ ઉપરથી દાવાવાળી જમીનો રે.સ. નંબર ૬૮ / ૩ + ૪ / પૈકી ૨ / પૈકી જુની શરતની ક્ષે. હે. ૦.૩૧.૩૪ આકાર રૂા. ૩.૦૦ જેનો ખાતા નંબર ૧૭૨ જેમાં પ્રા.વાદીઓના નામો સામેલ છે તથા રે.સ. નંબર ૬૮ / ૩ + ૪ / પૈકી ૨ / પૈકી જુની શરતની ક્ષે. હે. ૦.૦૭.૦૯ આકાર રુ. ૦.૬૪ જેનો ખાતા નંબર ૪૭૯ જેમાં વાદીના નામ સામેલ છે અને રે.સ. નંબર ૮૦/૧/ પૈકી ૨ જુની શરતની ક્ષે. હે. ૦.૩૦.૮૫ આકાર રૂા. ૨.૭૨ જેનો ખાતા નંબર ૧૭૨ અને રે.સ. નંબર ૨૦૫/ ૧ + ૨ / પૈકી ૨ જુની શરતની ક્ષે. હે. ૦.૫૧.૬૦ આકાર રૂા. ૪.૫૬ જેનો ખાતા નંબર ૧૭૨ ઉપરોકત તમામ જમીનોનો કબજો ભોગવટો અને ખેત ખાતર તથા તેમા ઉપજ નીપજ વાદીના આવેલા છે, તે રજૂ દસ્તાવેજ ઉપરથી નક્કિ થઇ શકે નહિ. વધુમાં સદર કામે પ્રતિવાદી દ્વારા આંક–૨૫ થી દસ્તાવેજ રજૂ રાખવામાં આવેલ છે. તેમાં નિશાની ૨૫/૧ થી ફેરફાર નોંધ નં.૪૭૬ રજૂ રાખેલ છે. જે નોંધ ગામ સૈયદપુરા, તા.ઉમરેઠ, જી.આણંદના સર્વે નં.૬૮/૩+૪/પૈકીમા પડેલ વહેંચણીની ફેરફાર નોંધ છે. જે નોંધ તા.૨૧/૦૭/૧૯૮૪ ની છે. તે નોંધમાં બેચરભાઇ મોતીભાઇ, ગોરધનભાઇ મોતીભાઇ, ઉપેન્દ્રભાઇ મોહનભાઇ અને ગીરીશભાઇ મોહનભાઇના નામો છે. વધુમાં સદર કામે નિશાની ૨૫/૨ થી ફેરફાર નોંધ નં.૧૨૫૫ રજૂ રાખેલ છે. જે નોંધથી ગામ સૈયદપુરા, તા.ઉમરેઠ, જી.આણંદના સર્વે નં.૬૮/૩+૪/પૈકીની જમીનમાં ગીરીશભાઇનું અવસાન થતા તેમના વારસોને જોડવામાં આવેલ છે, જે નોંધ મામલદારશ્રી, ઉમરેઠ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદ નિશાની ૨૫/૩ થી ફેરફાર નોંધ નં. ૧૨૬૩ રજૂ રાખવામાં આવેલ છે. તે નોંધ ગુજરનાર ઉપેન્દ્રભાઇના અવસાન બાદ તેમના વારસોને સર્વે નં.૬૮/૩+૪/પૈકીની જમીનમાં જોડવામાં આવેલ છે. વધુમા સદર કામે નિશાની ૨૫/૪ થી સર્વે

નં.૬૮/૩+૪/પૈકીની જમીનના ૭/૧૨ રજૂ રાખેલ છે, તે મિલકતમાં વાદી અને પ્રતિવાદીના નામ જણાય આવે છે. નિશાની–૨૫/૫ થી સર્વે નં.૮૦/૧/પૈકી/૨ ના ૭/૧૨ રજૂ રાખવામાં આવેલ છે. તેમાં આ કામના પ્રતિવાદીના નામ છે. વધુમાં સદર કામે નિશાની–૨૫/૬ થી સર્વે નં.૨૦૫/૧+૨ પૈકીના ૭/૧૨ રજૂ રાખવામાં આવેલ છે. તેમાં આ કામના પ્રતિવાદીની નામ છે. આમ, ઉપરોકત મિલકતના ફેરફાર નોંધ અને ૭/૧૨ માં સદર કામના પ્રતિવાદીનું કબજેદારમાં નામ હોય, તેવા સંજોગોમાં સદર કામના વાદીને તે મિલકતનો મનાઇ હુકમ મળી શકે નહિ. વધુમાં નિશાની ૨૫/૧ થી વહેંચણીની નોંધ રજૂ રાખેલ છે, જેના આધારે વહેંચણી થયેલ છે અને નિશાની ૨૫/૨ અને ૨૫/૩ સુધીની વારસાઇની ફેરફાર નોંધ રજૂ રાખેલ છે, તે વારસાઇની છે, તેના આધારે સદર મિલકતમાં પ્રતિવાદીના વારસોને જોડવામાં આવેલ છે. વધુમાં ઉપરોકત ફેરફાર નોંધથી જે વહેંચણી અને વારસાઇ કરવામાં આવેલ છે, તે વેચાણ દસ્તાવેજ કે, ફેરફાર નોંધ ખોટી છે, તે પણ હાલના તબક્કે નક્કિ કરી શકાય નહિ. ઉપરોકત દાવાવાળી મિલકતોના રેવન્યુ રેકર્ડ જોતા તેમાં વાદી અને પ્રતિવાદીઓના નામ જણાય આવે છે અને આ મિલકતો ફકત વાદીની સ્વતંત્ર માલિકીની હોવાનું રેકર્ડ ઉપર આવતુ નથી. વધુમાં વાદીએ અરજીમાં જણાવેલ હકીકત સમગ્ર પુરાવો તેમજ સાહેદો/કમિશ્નરને તપાસ્યા બાદ જ રેકર્ડ ઉપર આવી શકે તે પ્રકારના છે. તે સંજોગોમાં હાલના કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોય, તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં જો વાદીને હાલનો કામ ચલાવ મનાઇ હુકમ આપવામાં ન આવે તો, તેના કારણે વાદીને નાણાંમાં પરિવર્તિત ન થઈ શકે તેવું નુકસાન થવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં સમતુલ્લાનું પલ્લુ વાદીની તરફેણમાં હોવાનું પણ જણાય આવતું ન હોય, તે સંજોગોમાં હાલની અરજીમાં વાદીનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલા હોય, તેથી અન્ય બે મુદ્દાઓ પણ રેકર્ડ ઉપર હકીકતથી પુરવાર થતાં ન હોય, તેથી "***મુદ્દા નં.૧ થી ૩નો***" નિર્ણય "***નકારમાં***" આપી ***"મુદ્દા નં.૪"*** પરત્વેનો નીચે મુજબનો "***આખરી હુકમ***" કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

– વાદીની હાલની અરજી "**નામંજૂર**" કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(શાલિની એસ.બારઠ)
સીવીલ જજ,
ઉમરેઠ.
Code No.-GJ01573

તા.૨૧/૦૭/૨૦૨૬

S.B.Zala.-Guj-Steno